# સુરત મહાનગરપાલિકા
# "સુધારેલ જાહેરનામું"

* * *

(૧) જાહેરનામા ક્રમાંક પી.આર.ઓ/૦૬, તા.૦૫/૦૪/૨૦૨૦ થી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ ઝાંપાબજાર વિસ્તારની તમામ માર્કેટો તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સંદતર બંધ રાખવા તથા તે વિસ્તારમાં રહેતા લોકોને ફરજીયાત હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરવામાં આવેલ છે.

(૨) જાહેરનામા ક્રમાંક પી.આર.ઓ/૦૮, તા.૦૭/૦૪/૨૦૨૦ થી સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ રાંદેર મુખ્ય રોડનો ઉત્તર પૂર્વીય તરફ તાપી નદી સુધીનો વિસ્તાર એટલે કે, અડાજણ પાટીયા, કોઝવે રોડ, ગોરાટ, રાંદેર ગામ, હનુમાન ટેકરી, ભાણકી સ્ટેડીયમ આજુબાજુના વિસ્તારના લોકોને તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી ફરજીયાત હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોકત બંને ઝોનના વિસ્તારને બીજો હુકમ ન થાય ત્યાં સુધી ક્વોરોન્ટાઈ વિસ્તાર જાહેર કરી તે વિસ્તારમાં રહેતા લોકોને ફરજિયાત હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવા સુધારેલ હુકમ કરવામાં આવે છે.

(૩) જાહેરનામા ક્રમાંક પી.આર.ઓ/૧૨, તા.૧૨/૦૪/૨૦૨૦ થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તમામ નાગરિકોને માસ્ક પહેરવા અને સોશ્યલ ડીસ્ટન્સીંગ (SOCIAL DISTANCING) જાળવવા હુકમ કરી તેનો અનાદર કરનાર સામે રૂા.૫૦૦૦/- ના દંડની વસુલાત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જેમાં સુધારો કરી અનાદર કરનાર સામે પ્રથમ વખત રૂા.૧૦૦૦/- અને ત્યારબાદ દરેક કિસ્સામાં રૂા.૫૦૦૦/- ની રકમનો દંડ વસુલાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

નં.પી.આર.ઓ./૧૫/ ૨૦૨૦-૨૧
તા.૧૩/૦૪/૨૦૨૦

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા